## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




અમે દેશનો વિકાસ કર્યો તેનો પ્રમાણ છે... મારો દિકરો... ખાલી એનો વિકાસ જોઈ લો... તમને દેશનાં વિકાસનો અંદાજ આવી જશે...!!

# રાંધેજામાં ભાજપનો ભગવો લહેરાયો

## કોંગ્રેસની આંતરિક જૂથબંધી સામે આવી : ઉમેદવારનો ૧૪૦૦ મતથી પરાજય થયો : નેતાઓની ચૂપકીદી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતની રાંધેજા બેઠકની યોજાયેલ ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. ભાજપે આ પેટા-ચૂંટણીમાં ૧૪૦૦ મતે વિજય હાંસલ કર્યો છે. આ બેઠક પર પહેલાં અપક્ષ સભ્ય વિજયી થયા હતા.

તાલુકા પંચાયતની રાંધેજા બેઠકની મત ગણતરી આજે મામલતદાર કચેરી ખાતે યોજવામાં આવી હતી અને સવારે ૧૦ વાગે તેનું પરિણામ જાહેર થઈ જતાં ભાજપમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

આ ત્રિપાંખીયા જંગમાં એકતરફ પરિણામ બની ગયુ હતુ. ૫૫ ટકા જેટલા થયેલા મતદાનની મતગણતરીમાં ભાજપના ઉમેદવારને ૬૦ ટકા કરતાં પણ વધુ મત મળ્યા હતા. ભાજપના ઉમેદવાર જયરામ વાઘેલાનો ૨૧૪૭ મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર ભીખાજી પી. ઠાકોરને ૭૨૫ મત મળ્યા હતા અને નટવરભાઈ પરમાર જે અપક્ષ ઉમેદવાર હતા તેમને ૪૫૦ મત મળ્યા હતા.

**કોને કેટલા મત**

| | | |
|---|---|---|
| જયરામ વાઘેલા | ૨૧૪૭ | બીજેપી |
| ભીખાજી ઠાકોર | ૭૨૫ | કોંગ્રેસ |
| નટવરસિંહ પરમાર | ૪૫૦ | અપક્ષ |
| નોટા | ૭૯ | |
| કુલ | ૩૪૦૧ | |

૭૯ મતદારોએ નોટા બતાવી ઉમેદવારોની પસંદગી સામે રોષ વ્યક્ત કર્યો હતો. વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પૂર્વે યોજાયેલ આ પેટા-ચૂંટણીમાં કોંગ્રેસની આંતરિક જૂથબંધી બહાર આવી છે.

રાંધેજા ગામનો ઉમેદવાર હોવા છતાં ત્યાં મતદાન નિરસ રહ્યુ હતુ જ્યારે વાસણમાં ભાજપના ઉમેદવારની તરફેણમાં સારૂ મતદાન થયુ હતુ અને વિજય સરળ બન્યો હતો. તાલુકા પંચાયતની પેટા-ચૂંટણીમાં ૧૪૦૦ મતથી થયેલા ભવ્ય વિજયને ભાજપના આગેવાનોએ વધાવી અને મતદારોનો આભાર માન્યો હતો.

# રાજ્યની સસ્તા અનાજની દુકાનોના સંચાલકોના કમિશનમાં ૧૯નો વધારો

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યના મધ્યમ વર્ગ, ગરીબ અને બી.પી.એલ. પરિવારોને આવશ્યક ચીજ વસ્તુઓ પૂરી પાડતા પંડિત દીનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારના સંચાલકોને અપાતા કમિશનમાં રાજ્ય સરકારે રૂા.૧૯નો વધારો કર્યો છે. હવેથી ક્વિન્ટલ દીઠ રૂા.૧૦૨ કમિશન મળશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું કે, ગરીબ પરિવારોને ઘઉં, ચોખા, ખાંડ અને કેરોસીનનો જથ્થો પંડિત દીનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારો દ્વારા સસ્તા દરે રેશન કાર્ડ આધારિત જેને મળવા પાત્ર હોય તેને સમયસર પૂરો પાડવામાં આવે છે. સસ્તા અનાજની દુકાનોના સંચાલકોના એસોસીએશનો દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ક્વિન્ટલ દીઠ મળતા કમિશનમાં વધારો કરવા રજૂઆત કરાતાં આ મહત્વનો નિર્ણય કર્યો છે.

અત્યાર સુધી સસ્તા અનાજની દુકાનોના સંચાલકોને ક્વિન્ટલ દીઠ રૂા.૮૩નું કમિશન મળતું હતું. હવેથી રૂા.૧૦૨ કમિશન મળશે. જેનો અમલ આગામી માસથી થશે. આ વધારો થવાથી સંચાલકોને ફાયદો થશે તેમજ ગરીબ પરિવારોને ઝડપથી જથ્થો-પુરવઠો મળતો થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

# ગાંધીનગર સિવિલના કર્મચારીઓનો પગાર ન થતા દિવાળીના ટાણે મુશ્કેલીમાં

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીની વિવિધ જગ્યાઓમાં અંદાજીત ૬૦૦ થી વધુ કર્મચારીઓ ફરજ બજાવે છે. દિવાળીના દિવસો નજીકમાં છે ત્યારે કર્મચારીઓનો પગાર થયો ન હોવાથી અધિકારી-કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે તંત્ર દ્વારા ગ્રાન્ટ આવી ન હોવાથી પગાર થઈ શક્યો ન હોવાનું રટણ કરી રહ્યા છે. ત્યારે દિવાળીનો તહેવાર હોવાથી કર્મચારીઓ ઉછીના રૂપીયાની શોધ ચલાવી રહ્યા છે.

પાટનગરની મેડીકલ કોલેજ અને સંલગ્ન હોસ્પિટલ અતિ આધુનિક બનાવાઈ છે. જેને પગલે સ્ટાફની પણ ભરતી પુરતી સંખ્યામાં કરવામાં આવી છે. સિવિલમાં અંદાજીત ૬૦૦ થી વધુ કર્મચારીઓ ફરજ બજાવે છે. ત્યારે તમામ કર્મચારીઓનો પગાર ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી તરફથી કરવામાં આવે છે. ત્યારે રાજય સરકાર તરફથી સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજને ત્રણ ત્રણ મહિને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

સિવિલ અને કોલેજના કર્મચારીઓનો પગાર નિયમિતરુપે થઈ જાય છે. પરંતુ દિવાળીના ટાણે સોસાયટીની ગ્રાન્ટ આવી ન હોવાથી આજે ૧૦ તારીખ થઈ હોવા છતા કર્મચારીઓ પગારથી વંચિત રહેવા પામ્યા છે. ત્યારે દિપાવલીના દિવસો નજીક આવી રહ્યા છે તેમ છતા પગાર ન થતા કર્માચારીઓ ઉછીના પાછીના કરીને ઘર ચલાવી રહ્યા છે. જેમ જેમ દિવાળીના દિવસો નજીક આવી રહ્યા છે તેમ તેમ સ્ટાફની ચિંતામાં વધારો થતો જાય છે. ત્યારે આગામી બે ચાર દિવસોમાં પગારની ચુકવણી થાય તેવી શકયતાઓ સેવાઈ રહી છે. દિવાળીના દિવસોમાં જ પગારમાં વિલંબ સર્જાતા કર્મચારીઓમાં છુપો રોષ જોવા મળી રહ્યો છે. જયારે હવે કર્મચારીઓ પગાર કયારે થશે તેની મીટ માડીને બેઠા છે.



ગુજરાતમાં આશાવર્કર મહિલાઓ દ્વારા તેમના પડતર પ્રશ્નો અંગે રાજ્યભરમાં વિવિધ સ્થળે દેખાવો યોજવામાં આવી રહ્યાં છે. આજે ગાંધીનગરના નવા સચિવાલય ખાતે પણ સાંજના સમયે ગેટ નં. ૧ ખાતે આશાવર્કર બહેનો દ્વારા હલ્લાબોલ કરવામાં આવ્યું હતું. જેના કારણે ખાસ્સો હોબાળો થવા પામ્યો હતો.

# વાવોલ છાત્રાલય ખાતે અસુવિધાને પગલે આદિજાતિ વિકાસ કમિશનરને આવેદનપત્ર

## બિરસા મુંડા ભવન ખાતે ૩૦૦થી વધુ છાત્રો એકઠા થયા હતા

ગાંધીનગર, તા.૧૦

વાવોલ ખાતે આવેલ સરકારી આદિજાતિ કુમાર છાત્રાલયમાં



૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહે છે. છાત્રાલયમાં અસુવિધા હોવાથી વિદ્યાર્થીઓ પરેશાન થઈ ગયા છે.છાત્રાલયમાં ખાટલા, ગોદડા, ટેબલ, ખુરશી સહિતની જરુરી સુવિધા પણ ઉપલબ્ધ નથી. ત્યારે આજે સવારે છાત્રો મોટીસંખ્યામાં એકઠા થઈને બિરસા મુંડા ભવન ખાતે પહોંચી ગયા હતા અને આદિજાતિ વિકાસ કમિશનરને આવેદન પત્ર પાઠવી તાત્કાલીક ધોરણે યોગ્ય કરવા જણાવ્યું હતું.

વાવોલ સ્થિત આદિજાતિ સરકારી કુમાર છાત્રાલયમાં વિવિધ વર્ગમાં અભ્યાસ કરતા અંદાજીત ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ વસવાટ કરે છે.તેમ છતા વિદ્યાર્થીઓની પ્રાથમિક જરુરીયાત નહીં સંતોષાતા રોષ ભભુકી ઉઠ્યો હતો. બે વોર્ડન



હોવા છતા એક પણ વોર્ડન છાત્રાલય ખાતે હાજર રહેતા નહીં હોવાનું વિદ્યાર્થીઓ જણાવી રહ્યા છે. છાત્રાલયમાં લાયબ્રેરી તેમજ કોમ્પ્યુટર લેબની સુવિધા નથી. લાઈટ પંખા બંધ હોવાછતા ચાલુ કરાવવા માટે વિલંબ કરવામાં આવે છે. છાત્રાલયમાં વિદ્યાર્થીઓના નામે ખોટા બીલો બનીને પાસ થઈ જાય છે પરંતુ વિદ્યાર્થીઓને કોઈ પણ રૂપીયા તેમના હકના મળતા નથી.ગુણવત્તા યુકત જમવાનું મળતુ નથી, સાતેય દિવસનું અલગ મેનું હોય છે તે રીતે જમવાનું મળતુ નથી. તે સહિતના અનેક પ્રશ્નો ઉદભવેલા છે. તેમ છતા તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. જેથી કંટાળીને વિદ્યાર્થીઓ આજે સવારે મોટીસંખ્યામાં એકત્ર થઈને બિરસા મુંડા ભવન ખાતે એકઠા થયા હતા અને આદિજાતિ વિકાસ કમિશનરને આવેદન પત્ર પાઠવી તમામ પ્રશ્નોનું નિરાકરણ ઝડપી લાવવા રજુઆત કરાઈ છે.

# ગુજરાત કૃષિ યુનિવર્સિટીઝના બિન શૈક્ષણિક પેન્શનરો સાતમા પગાર પંચના લાભથી વંચિત

ગાંધીનગર, તા.૧૦

રાજય સરકારે તેના કર્મચારીઓ તેમજ પેન્શનરોને તા. ૧-૧-૨૦૧૬થી સુધારેલ પગાર ધોરણનો લાભ આપેલ છે. સાથે સાથે બોર્ડ અને નિગમોને પણ આ લાભ આપેલ છે.

ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓના બિન શૈક્ષણિક કર્મચારીઓને પણ લાભ આપેલ છે પરંતુ સરકારના વખતો વખતના ઠરાવો સ્વયં સ્પષ્ટ હોવા છતાં પેન્શનરોને આ લાભથી વંચિત રાખેલ છે તેથી તંગ આવી તમામ પેન્શનરો ગાંધી ચીંધ્યા માર્ગે ધરણાં/ઉપવાસ તેમજ જરુરી કાર્યક્રમો આપશે તેથી સરકારને તાકીદની જાણ કરવામાં આવે છે કે તાત્કાલિક સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવે તેવી રજુઆત કૃષિ યુનિ. પેન્શનર્સ ફેડરેશન દ્વારા કરાઈ છે.

# ગાંધીનગરના પાંચ પોલીસ ઈન્સ્પેક્ટર અન્ય જિલ્લામાં મૂકાયા, જ્યારે ૧૦ જિલ્લામાંથી આવ્યા

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યના પોલીસવડાએ આજે પી.આઈ.ની બદલીઓના આદેશ કર્યા છે. રાજ્યના ૧૫૧ પી.આઈ.ની જિલ્લા ફેરબદલીમાં કરાઈ છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં પણ પાંચ પી.આઈ.ની બદલી કરીને બીજા જિલ્લામાં મુકવામાં આવ્યા છે. જ્યારે ગાંધીનગર જિલ્લાને નવા દસ પી.આઈ. મળ્યા છે.

### ગાંધીનગરથી બદલાયેલા પી.આઈ.

| નામ | હાલની જગ્યા | બદલની જગ્યા |
|---|---|---|
| કે.કે. પંડ્યા | અડાલજ | અમદાવાદ શહેર |
| વાય.એમ. મીશ્રા | ઈન્ફોસીટી | બનાસકાંઠા |
| એ.એમ. પ્રિયદર્શી | કંટ્રોલરૂમ, લીવ રીઝર્વ | પાટણ |
| મીનાક્ષીબેન પટેલ | સે. ૧૬, મહિલા પોલીસ | જી.૧ શાખા, ડીજીપી કચેરી |
| વી.એલ. ચાવડા | સે. ૨૧ સેકન્ડ પી.આઈ. | વડોદરા શહેર |

### ગાંધીનગરમાં મુકાયેલા પી.આઈ

| નામ | ક્યાંથી આવ્યા |
|---|---|
| આર.બી. રાણા | અમદાવાદ શહેર |
| પી.આઈ. સોલંકી | અમદાવાદ શહેર |
| બી.કે. અસારી | મહેસાણા |
| જે.ડી. મેવાડા | બનાસકાંઠા |
| જે.બી. પંડિત | પાટણ |
| એન.આર. પટેલ | પાટણ |
| પી.જે. પટેલ | આણંદ |
| ટી.આર. ભટ્ટ | ઈન્ટેલીઝન્સ |
| જે.જી. વાઘેલા | વડોદરા શહેર |
| પી.એમ. ચૌધરી | અમરેલી |

# પાટનગરમાં પ્રધાનમંત્રીના આગમન ટાણે જ પ્રવિણરામનું જનવેદના મહાસંમેલન

## ૧૬ ઓક્ટોબરે નરેન્દ્ર મોદી ગાંધીનગર આવશે તે જ દિવસે સે. ૬ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રવિણરામ આશાવર્કર, આઉટ સોર્સીંગ કર્મીઓ અને બેરોજગાર યુવાનોની વેદના ઠાલવશે

જન અધિકાર મંચના પ્રવિણ રામે કોન્ટ્રાક્ટ કર્મીઓ, આશાવર્કર, આંગણવાડી કર્મીઓ તથા બેરોજગાર યુવાનોની માંગણીઓ સંતોષાય અને ન્યાય મળે તે હેતુસર ૧૬ તારીખે પાટનગરના સે. ૬ સત્યાગ્રહ છાવણી ખાતે જનવેદના મહાસંમેલનનું આયોજન કર્યુ છે. ૧૬મી તારીખે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ગુજરાત પ્રવાશે હોવાથી પાટનગરમાં આવનાર છે. પ્રધાનમંત્રી પાટનગરમાં હશે તે જ વખતે હજારોની સંખ્યામાં પ્રવિણ રામ સભા સંબોધીને જન વેદના વ્યક્ત કરશે. જો કે પ્રધાનમંત્રીના પ્રવાસને પગલે પ્રવિણ રામને મહાસંમેલનની મંજૂરી મળશે કે કેમ તેના પર સવાલ છે.

જન અધિકાર મંચ દ્વારા ૧૬ ઓકટોબરે સોમવારે સવારે ૧૦ થી ૫ વાગ્યા દરમ્યાન સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે જન વેદના મહાસંમેલનનું આયોજન કર્યુ છે. કોન્ટ્રાક્ટ કર્મીઓ માટે યોગ્ય નિર્ણય લેવામાં આવે, આશાવર્કર, આંગણવાડી કર્મીઓ, ગ્રાન્ટ ઈન એડના શિક્ષકો, બોર્ડ નિગમો, નગરપાલિકા, મહાનગરપાલિકાના ફિક્સ કર્મીઓને પગાર વધારો, બેરોજગારો માટે યોગ્ય ભરતી વ્યવસ્થા, ખેડૂતોની લોન માફી અને ફિક્સ પગાર પ્રથા કાયમ માટે દૂર કરવા સહિતની વિવિધ માંગણીઓ સાથે પ્રવિણ રામ જન અધિકાર મંચના માધ્યમથી જન વેદના મહાસંમેલન સંબોધશે. નોંધનીય બાબત એ છે કે આ દિવસે વડાપ્રધાન મોદી પણ ગુજરાત પ્રવાસે છે અને પાટનગરમાં આવનાર છે. તે જ દિવસે પ્રવિણ રામ જન વેદના ઠાલવશે તેવી જાહેરાત કરતા તંત્ર દોડતુ થઈ ગયુ છે.

# પેટ્રોલ - ડિઝલમાં ચાર ટકા વેટ ઘટાડો ગુજરાતની પ્રજાની મશ્કરી : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતમાં પેટ્રોલ અને ડિઝલ ઉપર વેટમાં માત્ર ૪ ટકાનો ઘટાડો કરી ભાજપ સરકારે રાજ્યનાં દરેક વર્ગનાં નાગરિકોની ક્રુર મશ્કરી કરી હોવાનું જણાવતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જાહેરાત કરી છે કે, કોંગ્રેસ સત્તા ઉપર આવશે તો પેટ્રોલ-ડિઝલ ઉપરથી વેટ સંપૂર્ણપણે નાબુદ કરશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપ સરકારે આગામી ચૂંટણીમાં પરાજય નિશ્ચિત જણાતાં પ્રજાને ગુમરાહ કરતી લ્હાણી શરૂ કરી છે. ભાજપ સરકારે પેટ્રોલમાં રૂ. ૨.૯૩ તથા ડિઝલમાં રૂ. ૨.૭૨ પૈસાનાં કરેલા ઘટાડાને દિવાળીની ભેટ કહી સમગ્ર રાજ્યનાં લોકોની ક્રુર મશ્કરી કરી છે. વાસ્તવમાં કુલ ૪૫ ટકા ટેક્ષમાંથી માત્ર ૪ ટકા વેટ ઘટાડો એ લોલીપોપ જ છે. એ જ રીતે પેટ્રોલ- ડિઝલમાં ૪ ટકા વેટ ઘટાડવાથી સરકારની ૨૩૧૬ કરોડ આવક ઘટવાની વાત પણ મગરનાં આસું સારવા જેવી વાત છે.

પેટ્રોલ-ડિઝલ તથા સીએનજી અને અન્ય ઈંધણ ઉપર અસહ્ય ટેક્સ ઠોકી બેસાડીને ભાજપ સરકારે ઉઘાડી લૂંટ જ ચલાવી છે. જેમાં આ ટેક્સની કરોડો રૂપિયાની આવકમાંથી જ ભાજપ સરકાર દ્વારા ઉત્સવ-મેળાઓ અને અન્ય ઉજવણીના તાયફાઓ કરવામાં આવે છે. જીએસટીનો પેટ્રોલ-ડિઝલ ઉપર અમલ નહીં કરનાર ભાજપ સરકારે ગુજરાતમાં જીએસટી લાગુ થયો ત્યારથી જ વેટ કેમ ના ઘટાડ્યો ? ભાજપ પ્રજાને બે-ત્રણ રૂપિયાની લોલીપોપ આપી વિકાસને ગુમરાહ કરવા માંગે છે. પરંતુ નવસર્જન માટે મન બનાવી લેનાર ગુજરાતની પ્રજા હવે છેતરાશે નહીં. જેમાં કોંગ્રેસ સત્તા ઉપર આવશે તો પેટ્રોલ-ડિઝલ ઉપરથી વેટ સંપૂર્ણ નાબુદ કરી મોંઘવારી અને ભાવ વધારો કાબુમાં લેવાનું પ્રથમ પગલું ભરશે.

# રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવથી ૧૬મીથી ડાંગર મકાઈ-બાજરીની ખેડૂતો પાસેથી ખરીદી શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૭-૧૮ અંતર્ગત ડાંગર, મકાઈ અને બાજરાની ખરીદી આગામી તા.૧૬-૧૦-૨૦૧૭ થી તા.૩૦-૧૨-૨૦૧૭ દરમ્યાન ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ૫૯ જેટલા ખરીદ કેન્દ્રો/ ગોડાઉન કેન્દ્રો ખાતે કરવામાં આવશે.

ભારત સરકાર દ્વારા લઘુતમ ટેકાનો ભાવ ડાંગર (કોમન) માટે રૂા. ૧૫૫૦ પ્રતિ કિવન્ટલ, ડાંગર ગ્રેડ-એ માટે રૂા. ૧૫૯૦ પ્રતિ કિવન્ટલ મકાઈ અને બાજરા માટે રૂા. ૧૪૨૫ પ્રતિ કિવન્ટલ નિયત કરાયો છે.

લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી http://pds. gujarat.gov.in ઉપર કરાવવા નિગમની જીલ્લા કેચરી-નિગમના સ્થાનિક તાલુકા ગોડાઉન કેન્દ્રનો સંપર્ક કરી શકશે, એમ ગુજરાત રાજ્ય પૂરવઠા નિગમની યાદીમાં જણાવાયું છે.

# અમદાવાદમાં ચોરી કરેલ બાઈક સાથે બે આરોપી રંગેહાથ ઝડપાયા

બાઈક અનેએકટીવા ચોરી કરતાં બે આરોપીઓને અમદાવાદ શહેર એસઓજી ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ રામોલ ચાર રસ્તા પાસેથી પકડી લીધા હતા. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી નિકોલ અને વડોદરા શહેરના વારસીયા પોલીસમથકમાં બાઈક અને એકટીવા ચોરીના દાખલ થયેલા ગુનાઓનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી અન્ય વાહન ચોરીના ગુનાઓની ભેદ ઉકેલવાની દિશામાં તપાસ જારી રાખી છે. અમદાવાદ શહેર એસઓજી ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ આજે ચોકક્સ બાતમીના આધારે શહેરના રામોલ ચાર રસ્તા પાસેથી આરોપીઓ સચિન ફુલજીભાઈ પરમાર (રહે.ડી-૩૦૧, માતૃવાટિકા સોસાયટી, હાથીજણ સર્કલની બાજુમાં, હાથીજણ) અને દિક્ષીત નરેન્દ્રકુમાર વાઘેલા (રહે. ગોકુલ ગેલેક્સી, કઠવાડા તળાવની સામે, દસ્ક્રોઈ, જિ.અમદાવાદ)ની ચોરીના પલ્સર મોટરસાયકલ અને એકટીવા સાથે ધરપકડ કરી લીધી હતી. પોલીસે આરોપીઓની પૂછપરછ દરમ્યાન જાણવા મળ્યું હતું કે, આરોપીઓ અમદાવાદ શહેર અને અન્ય સ્થળોએ બહાર જાય ત્યારે પણ વાહનચોરીના ગુનાહિત કૃત્ય આચરતા હતા.





# એનઆઈડી ખાતે બ્રીટીશ ફોટોગ્રાફર સ્ટુઅર્ટ ફ્રિડમેનની તસવીરોનું પ્રદર્શન

ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન-એનઆઈડીના પીજી કેમ્પસ ખાતે બ્રિડીશ ફોટોગ્રાફર સ્ટુઅર્ટ ફ્રિડમેનના ૪૦ ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનનું તા. ૧૩મી ઓક્ટોબરે ઉદ્‌ઘાટન થશે તે પછી તા. ૧૪મીથી ૨૩મી ઓક્ટોબર દરમ્યાન સાંજે ૪ થી ૮ કલાક દરમ્યાન તેને નિહાળી શકાશે. આ ફોટોગ્રાફી પ્રદર્શનમાં સ્ટુઅર્ટ ફ્રિડમેન દ્વારા વર્ષ ૨૦૧૦થી ૨૦૧૩ દરમ્યાન ભારતના વિવિધ કોફી હાઉસની મુલાકાત લઈ લેવામાં આવેલી તસવીરોથી સજ્જ છે. તેથી આ પ્રદર્શનની થીમ ''ધ પ્લેસીસ ઓફ મેમરી-ટેલ્સ ફ્રોમ ધ ઈન્ડિયન કોફી હાઉસ' રાખવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે તસવીરકાર સ્ટુર્ટ ફ્રેડમેન નેશનલ જીઓગ્રાફી સહિત અનેક પ્રતિષ્ઠિત સંસ્થાનોમાં કાર્ય કરી ચુકેલા વિશ્વ વિખ્યાત ફોટોગ્રાફર છે જેમના અનુભવનો ફાયદો એનઆઈડીના વિદ્યાર્થીઓ તથા ગાંધીનગરના ફોટોગ્રાફી શોખીનોને આ પ્રદર્શન થકી મળશે.